**આ યુગમાં હઝરત મસીહ મૌઉદ (અ.સ.)નું વ્યકિતત્વ આંહઝરત સ.અ.વ.ની તાલીમ અને સદાચારનો વાસ્તવિક નમૂનો છે. આથી આપણા માટે આપનો નમૂનો પણ માર્ગદર્શક છે. આપણે નસીબવાળા છીએ કે આપણને આપણા બુઝુર્ગ, પૂર્વજો અને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના સહાબા એ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) વિશે રિવાયતો પહોંચાડી કેમકે આ જ વસ્તુઓ આગળ આવનાર પેઢી માટે શિખામણ અને વાસ્તવિક તાલીમ અને અમુક સમસ્યાઓનું સમાધાન કરનાર થશે.**

*ખુલાસા ખુત્બા જુમ્મા હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૫, સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ-લંડન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

આ યુગમાં અલ્લાહ તઆલાએ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને આંહઝરત (અ.સ.વ.) ની ગુલામીમાં તજદીદે દીન માટે મોકલ્યા છે આપ અ.સ. એ આપણને ધર્મની વાસ્તવિકતા તેની બુનિયાદ અને તેની વાસ્તવિક તાલીમને સુંદર બનાવીને બતાવ્યો છે અને બિદઆત અને ખોટી રિવાયતો ને દુર કરવાની શિખામણ આપી માટે આ યુગમાં આપ (અ.સ.) આંહઝરત સ.અ.વ. ની તાલીમ અને સાદાચારનો વાસ્તવિક નમૂનો છે આથી આપણા માટે આપનો નમૂનો પણ માર્ગદર્શક છે. આપણે નસીબવાળા છીએ કે આપણને આપણા બુઝુર્ગ, પૂર્વજો અને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના સહાબાએ હઝરત મસીહ મૌઉદ અ.સ. વિશે રિવાયતો પહોંચાડી. જુના અહેમદીઓમાંથી ઘણાં બધાં એવા હશે જેમણે પોતાના બુઝુર્ગોથી અમુક કિસ્સાઓ અને રિવાયતો હઝરત મસીહ મૌઉદ (અ.સ.) વિશે તેમના જીવનમાં સાંભળ્યા હશે. જેમણે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને જોયા અને આપની સંગતથી લાભ મેળવ્યો. તો આમ, તે રિવાયતોનું મહત્વ એક સ્થાનેહઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) એ બયાન કર્યુ છે. અને પોતાના અંદાઝમાં તે વાતોથી જે નાની નાની છે પરંતુ ખુબ શિખામણ આપી અને ઈસ્લામની બુનિયાદી તાલીમની વાતો લીધી છે તે આ સમયે હું પેશ કરીશ. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) ના સમયમાં ઘણા બધાં સહાબા મૌજુદ હતા માટે આપએ સહાબાને તે દિવસોમાં ધ્યાન પણ અપાવ્યું અને શિખામણ પણ આપી અથવા સગાસંબધીઓને ધ્યાન અપાવ્યું કે આ રિવાયતો ભેગી કરો કેમ કે આ જ વસ્તુ આગળ આવનાર પેઢી માટે શિખામણ અને વાસ્તવિક તાલીમ અને અમુક સમસ્યાઓનું સમાધાન પેશ કરનાર થશે. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) એક સ્થાને ફરમાવે છે કે એક વાત જેની તરફ મેં આ વર્ષે જમાઅતને ખાસ ધ્યાન અપાવ્યું છે તે વાત શુ છે કે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની સ્થિતિ અને આપના શબ્દો સહાબાથી ભેગા કરાવામાં આવે. ફરમાવે છે કે પ્રત્યેક વ્યકિત જેને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની નાનામાં નાની વાત પણ યાદ હોય તે આ વાતને છુપાવે તથા બીજાને ન કહે આ એક કોમી ખિયાનત છે તેમાં કોઈ શંકા નથી કે અમુક વાતો નાની હોય છે પરંતુ ઘણી નાની વાતો પરિણામના લેહાઝથી મહત્વપૂર્ણ હોય છે. હવે આ કેટલી નાની વાત છે જે હદીસોમાં આવે છે કે રસૂલ કરીમ (સ.અ.વ.) માટે એક વાર દુધી રંધાઈ તો આપ એ બહુ જ શોખથી તે શાકમાંથી દુધીના ટુંકડા કાઢી કાઢીને ખાવાનું શરૂ કર્યુ ત્યાં સુધી

કે રસામાં દુધીનો કોઈ ટુકડો ન રહ્યો અને આપ એ ફરમાવ્યું કે દુધી મહત્વની વસ્તુ છે. આપફરમાવે છે કે આમ તો આ એક નાની વાત છે. શક્ય છે કે અનેક અહેમદી પણ સાંભળીને આ કહી દે કે દુધીના વર્ણનની શુ જરૂર હતી અને આજ કાલ અમુક શિક્ષિત જે છે તેમને પણ આ તરફ ધ્યાન નથી હોતુ અથવા તે સમજે છે કે સાધારણ વાત છે પરંતુ આ નાની વાતથી ઈસ્લામને કેટલો મોટો ફાયદો થયો. આજે આપણે પોતાના યુગમાં તે ખરાબીઓનો અંદાજો નથી લગાવી શકતા જે મુસ્લિમોમાં ચાલી રહ્યો પરંતુ એક યુગ ઈસ્લામ પર એવો આવ્યો છે જ્યારે ભારતમાં હિંદુ સંસ્કૃતિએ મુસ્લિમો પર અસર નાંખ્યો છે અને તે અસરના કારણે તે આ ખ્યાલમાં પરોવાઈ ગયા છે કે નેક લોકો તે હોય છે જે ગંદી વસ્તુઓ ખાય. જે સારી વસ્તુઓ ન ખાય. જે મહત્વપૂર્ણ ખોરાક ન ખાય નેકી નો ધોરણ આ છે કારણ કે આજ ફકિરો અને જોગીઓનું કાર્ય છે. અને જ્યારે પણ તેઓ કોઈને ઉમદા ભોજન કરતા જુએ તો કહે છે કે આ બુઝુર્ગ કેવી રીતે કહેવાય. અર્થાત માની જ ન શકે કે કોઈ બુઝુર્ગ કહેવા ને લાયક હોય અને પછી સારો ખોરાક પણ કાઈ શકે. આપ એક કિસ્સો બયાન ફરમાવે છે કે એક વાર ખલિફતુલ મસીહ પ્રથમ મસ્જીદ અકસામાં દરસ આપીને પાછા પાતોના ઘરે જઈ રહ્યા હતા કે આપને એક ડિપ્ટી સાહેબ મળ્યા જે રીટાયર્ડ હતા અને હિંદુ હતા. તેમણે કોઈનાથી સાંભળ્યુ હતુ કે હઝરત મસીહ મૌઉદ પુલાવ ખાય છે અને બદામ રોગન વગેરે જ્યારે પણ મળે ખાય છે તે સમયે તે હિંદુ પોતાના મકાનની બાહર બેઠો હતો હઝરત ખલિફતુલ મસીહ પ્રથમને જોઈને કહેવા લાગ્યો કે મૌલ્વી સાહેબ એક વાત પુછવી છે. આપ એ ફરમાવ્યુ કહો શુ છે ? તે હિંદુ કહેવા લાગ્યો કે જી બદામ રોગન અને પુલાવ ખાવુ જાયઝ છે ? હઝરત ખલિફતુલ મસીહ પ્રથમએ ફરમાવ્યુ કે અમારા ધર્મમાં આ વસ્તુ ખાવી જાયઝ છે અમને તો કોઈ જાતની રુકાવટ નથી. તે કહેવા લાગ્યો કે મારો અર્થ છે કે આ સંતોને ખાવી જાયઝ છે આપ (રઝી) એ ફરમાવ્યું કે અમારા ધર્મમાં તો સંતો તથા તે બધા માટે જાયઝ છે જે પણ બુઝુર્ગ કહેવાય છે. કહેવા લાગ્યો સારૂ જી અને આટલુ કહીને ચુપ થઈ ગયો. હઝરત મુસ્લેહ મૌઉદ ફરમાવે છે જુઓ તે વ્યકિતને મોટો એતરાઝ આ જ સુજ્યો કે હઝરત મિર્ઝા સાહેબ મસીહ વ મહેદી કેવી રીતે થઈ શકે છે જ્યારે તે પુલાવ ખાય છે અને બદામ રોગન વાપરે છે જો સહાબાને પણ એવોજ ઈલ્મી મઝાક હોત જેવું કે આજ કાલ અહેમદીઓનો છે અને તે દુધીનું વર્ણન હદીસોમાં ન કરાત તો કેટલી મહત્વની વાત હાથથી જતી રહેતી હદીસોમાં આવે છે કે રસૂલ કરીમ સ.અ.વ. એક વાર જુમ્માના રોજ સારો જબ્બો પહેરીને મસ્જિદમાં આવ્યા. હવે જો કોઈ વ્યકિત એવો પૈદા થાય જે કહે કે સારા કપડાં ન પહેરવું સંતોની નિશાની છે બુઝુર્ગોની નિશાની છે. નેકીની નિશાની છે તો આપણે તેને આ હદીસનો દાખલો આપીને કહી શકીએ છીએ કે રસૂલ કરીમ સ.અ.વ. જુમ્માના દિવસે સારી રીતે સફાઈ કરતાં અને ઉમદા કપડા પહેરતા બલ્કે આપ સફાઈનો એટલો ખ્યાલ રાખતા એટલી પાબંદી કરતા કે અમુક સુફીઓએ જેવુ કે શાહ વલીઉલ્લાહ સાહેબ મુહદ્દીસ દિલ્લી ગુજરર્યા છે આ તરીકો અપનાવ્યો હતો કે તે દરરોજ એક નવી જોડી કપડાની પહેરતા હતા. ચાહે ધોઈલું હોય અને ચાહે બિલકુલ નવું હોય. હઝરત ખલિફતુલ મસીહ પ્રથમની તબિયતમાં ખુબ સાદગી હતી ઘણી બધી વાતોનું તેમને ખ્યાલ ન રહેતુ હતુ અને કામ પણ વધારે રહેતુ માટે અમુક વાર જુમ્માના દિવસે આપ કપડાં બદલવાનું અને નહાવાનું ભુલી જતા હતા અને તે જ કપડામાં જે આપે પહેર્યા હતા જુમ્મા પઢવા જતા રહેતા. આ સાદગી હતી કોઈ ઈઝહાર નહતો કે જરૂર ફકિરોનો કપડા હોવા જોઈએ એવું અથવા બુઝુર્ગી કહેવા માટે જરૂરી છે કે કપડા ન બદલે બલ્કે કામ વધારે હોવાના કારણે ખ્યાન ન રહેતો

હતો. પરંતુ હવે આપણા જમાનામાં સફીઓનો અર્થ આ કરી લીધા છે કે ઈન્સાન બેહાલ છે. હઝરત મુસ્લેહ મૌઉદ ફરમાવે છે કે આ વાત નો વજન બનાવવામાં આવે તો આમ બનશે કે જેટલો ગંદો એટલો જ ખુદાનો બંદો- જેટલો ગંદો થયો એટલોજ ખુદાતઆલાથી દુર થાય છે. માટે જ આપણી શરિઅતએ ઘણા બધા અવસર પર નહાવું વાજીબ કર્યો છે અને ખુશ્બુ લગાડવાની હિદાયત આપી છે અને બદબુ વાળી વસ્તુ ખાઈને સભામાં આવવાની મનાઈ કરી છે. મસ્જિદમાં આવવાની મનાઈ કરી છે. ઉદેશ રસૂલ કરીમ સ.અ.વ.ના જીવન ચરિત્રથી દુનિયા ફાયદો ઉઠાવતી રહી અને ઉઠવતી રહેશે. હઝરત મસીહ મૌઉદ અ.સ. ના જીવન ચરિત્રથી પણ ફાયદો ઉઠાવશે અને આપણું કર્તવ્ય છે કે આપણે તે વાતોને ભેગી કરીએ. હઝરત મુસ્લેહ મૌઉદ ફરમાવે છે કે એક નવજુવાનએ મને જણાવ્યુ કે હું હઝરત મસીહ મૌઉદ અ.સ. નો સહાબી છુ પરંતુ મને માત્ર એ વાત યાદ છે કે એક દિવસ જ્યારે કે હું નાનો હતો મેં હઝરત મસીહ મૌઉદ અ.સ. નો હાથ પકડી લીધો. અને આપથી હાથ મિલાવ્યો અને થોડા ક્ષણો સુધી આપનો હાથ પકડીને ઉભો રહ્યો. થોડા સમય બાદ હઝરત મસીહ મૌઉદ અ.સ. નો હાથ છોડીને બીજા કામમાં વ્યસ્ત થઈ ગયો. આમ તો આ નાની વાત છે પરંતુ બાદમાં એવા જ નાના નાના કિસ્સાઓથી મોટા મોટા મહત્વપૂર્ણ પરિણામ લખવામાં આવશે. દા.ત. એજ કિસ્સો લઈ લો તેનાથી એક વાત આ સાબીત થશે કે નાના બાળકોને પણ બુઝુર્ગોની સભામાં લાવવા જોઈએ. હઝરત મસીહ મૌઉદ અ.સ. ના યુગમાં લોકો પોતાના બાળકોને આપની સભામાં લાવતા હતા. શક્ય છે કે આગળ કોઈ જમાનામાં એવા લોકો પણ પેદા થશે જે કહેશે કે બાળકોને બુઝુર્ગોની સભામાં લાવવાનો શું ફાયદો છે તે સભામાં તો મોટા લોકોએ સામેલ થવું જોઈએ કેમ કે જ્યારે ફિલોસોફી થાય છે તો એવી ઘણી બધી વાતો પેદા થઈ જાય છે અને કહેવું શરૂ થઈ જાય છે કે બાળકોએ શુ કરવું છે જ્યારે પણ એવો ખ્યાલ પૈદા થશે આ રિવાયત તેમના ખ્યાલને બાતલ કરી દેશે અને પછી વધારે પુષ્ટિ આ રીતે થશે કે હદીસોમાં લખેલ છે કે રસૂલ કરીમ સ.અ.વ. ની સભામાં પણ સહાબા પોતાના બાળકો લાવતા હતા. આ રીતે આ રિવાયતથી એ પણ સ્પષ્ટ થઈ જાય છે કે જ્યારે કોઈ કામ હોય તો પોતાનો હાથ છોડાવીને કામમાં વ્યસ્ત થઈ જવું જોઈએ આજે આપણે આ વાતોનું મહત્વ નથી સમજતાં પરંતુ જ્યારે અહેમદી, સૂફીવાદ અને ફિલસૂફો બનશે તો તે સમયે આ સાધારણ જોવા મળતી વાતો મહત્વના હવાલા મેળવશે અને આજે પણ તેની જરૂરિયાત મહેસુસ થાય છે. અને મોટા મોટા ફિલોસ્ફર જ્યારે આ કિસ્સાઓ વાંચશે તો કુદી પડશે અર્થાત હેરાની અને ખુશીથી ઉછળી પડશે અને કહેશે કે ખુદા આ રિવાયત બયાન કરનારને તેનો બદલો આપે કે તેણે અમારી એક જટિલ ગુથ્થી સુલજાવી દીધી. જ્યારે એવી સમસ્યાઓ સામે આવશે એવા કિસ્સાઓ સામે આવશે જેનાથી સમસ્યાઓ હલ થતા હોય તો ફિલોસફર આમ તેમ જોવાને બદલે જેને ધર્મ સાથે સબંધ છે તે તો તેમને દુઆઓ આપશે. ફરી આપ ફરમાવો છો આ એવો જ કિસ્સો છે જેવુ કે આપણે હદીસોમાં વાંચીએ છીએ કે રસૂલ કરીમ સ.અ.વ. એક વાર સજદામાં ગયા તો હઝરત હસન (રઝી) તે સમયે નાના હતા આપની ગરદન પર પગ લટકાવીને બેસી ગયા અને રસૂલ કરીમ સ.અ.વ. એ તે સમય સુધી માંથુ ન ઉઠાવ્યું જ્યાં સુધી તે પોતે અલગ ન થઈ ગયા. જો કોઈ આ પ્રકારની હરકત કરે તો શક્ય છે કે અમુક લોકો આને અધર્મ કરાર આપશે અને કહેશે કે તેને ખુદાની ઈબાદતનો ખ્યાલ નથી પોતાના બાળકનો ખ્યાલ છે પરંતુ એવો વ્યકિત જ્યારે પણ આ કિસ્સો વાંચશે તેને સ્વીકારવું પડશે કે તેનો ખ્યાલ ખોટો છે અને ચુપ થઈ જશે કેમ કે આંહઝરત સ.અ.વ. નો દાખલો સામે છે. ફરમાવે છે કે તમને હઝરત મસીહ મૌઉદ અ.સ.

ની જે વાતોનું જ્ઞાન છે ચાહે નાની હોય જણાવી દેવી જોઈએ. ચાહે એટલી નાની વાત હોય કે મેં જોયું કે હઝરત મસીહ મૌઉદ અ.સ. ચાલતા ચાલતા ઘાસ પર બેસી ગયા. કેમકે આ વાતોથી પણ પછી મહત્વના પરિણામ નીકળશે. હઝરત મુસ્લેહ મૌઉદ ફરમાવે છે કે મને યાદ છે કે હઝરત મસીહ મૌઉદ અ.સ. એક વાર મિત્રો સાથે બગીચામાં ગયા અને આપે ફરમાવ્યું આવો સેતુત જેવુ ફળ ખાઈ લો. અમુક મિત્રોએ ચાદર બિછાવી અને આપે ઝાડ હલાવ્યો અને બધા એક સ્થાને બેસી ગયા અને તેમણે તે ફળ ખાધું. જ્યારે મોટા મોટા ઘમંડી હાકેમ આવશે અને તે બીજા લોકો સાથે બેસીને ખાવામાં પોતાનું અપમાન મહેસુસ કરશે તો તેમની સામે આપણે આ દલીલ પેશ કરીશુ કે હઝરત મસીહ મૌઉદ અ.સ. વિના તકલીફે પોતાના મિત્રો સાથે મળીને ખાઈ-પી રહ્યાં હતા તમે કોણ છો જે આમાં પોતાનું અપમાન સમજો છો. અમુક વાતો નાની હોય છે પરંતુ તેનાથી આવનાર પેઢીમાં ધાર્મિક, સિયાસી અને સંસ્કાર માટે સમસ્યાઓના મહત્વના ફળ નીકળે છે.

હઝરત મુસ્લેહ મૌઉદ ફરમાવે છે કે હઝરત મસીહ મૌઉદ અ.સ. નો ચહેરો જોનાર અથવા આપની સંગતમાં બેસનારને તે દરેક વાત નાની કેમ ન હોય સુરક્ષિત કરી લેવી. દા.ત. કોઈ વ્યકિત એવો છે જેને હઝરત મસીહ મૌઉદ અ.સ. ના કપડાનો નકશો યાદ છે તો તે પણ લખીને મોકલી દે આપે તે યુગમાં ફરમાવ્યું અને તે પછી સહાબાઓએ પોતાની રિવાયતો ભેગી પણ કરવાનું શરૂ કરી દીધું. અને ઘણા બધા કિસ્સાઓથી રજીસ્ટર્ડ બની ચૂક્યા છે. સહાબાની રિવાયતમાંથી હું એક વાર બયાન પણ કરી ચૂક્યો છું. આમ આ રિવાયતો ભેગી પણ થઈ રહી છે. ઈન્શા અલ્લાહ જમાઅતની સામે સમય આવતા પેશ પણ થશે.

હઝરત મુસ્લેહ મૌઉદ ફરમાવે છે કે આ રિવાયતોથી એક ફાયદો એ પણ થશે કે આગળ કોઈ જમાનામાં એવા લોકો પેદા થઈ જાય જે કહે દા.ત. એક બીજી નાની વાત છે કે ખુલ્લા માથે રહેવુ જોઈએ. તો તેના ખ્યાલનો સમાધાન થઈ શકે તેમાં કોઈ શંકા નથી કે રસૂલ કરીમ સ.અ.વ. ની હદીસ મૌજુદ છે હવે એક નાની વાત ખુલ્લા માથે રહેવું પણ છે. સાધારણ લોકો નમાઝ વગેરે પઢે છે અમુકવાર ખુલ્લા માથે પઢી લે છે તો રિવાયતોથી આ તરફ પણ ધ્યાન થઈ જાય છે. કેમકે ઘણા બધાં કિસ્સાઓ એવા પણ છે જેમાં મસ્જિદના નિયમો મોટી મજ્લીસમાં બેસવાના નિયમોનું વર્ણન હોય છે તો આપ ફરમાવે છે કે એમાં કોઈ શંકા નથી કે રસૂલ કરીમ સ.અ.વ. ની હદીસો મૌજુદ છે અને આપ જ શરીઅત કાયમ કરનાર નબી છો. પરંતુ તેમાં પણ કોઈ શંકા નથી કે અલ્લાહ તઆલા તરફથી મોકલેલની વાતો શરીઅત લાવનાર નબીની વાતોની પૃષ્ટિ કરનાર સમજવામાં આવે છે. આજ કાલ આ કહેવામાં આવે છે કે જે ફિકાની વાતો પર ઈમામ અબુ હનીફાએ અમલ કર્યુ છે તે વધારે યોગ્ય છે. તેવી જ રીતે આગળ આવનાર યુગમાં રસૂલ કરીમ સ.અ.વ. ની જે હદીસોને હઝરત મસીહ મૌઉદ અ.સ. એ પોતાના અમલથી સારૂ કરાર આપ્યુ છે તેમને જ લોકો સાચી હદીસો સમજશે. અને હદીશોને હઝરત મસીહ મૌઉદ અ.સ. એ બનાવેલ કરાર આપી છે. અર્થાત જાતે બનાવેલ છે અથવા યોગ્ય નથી તેમની તે હદીસોને લોકો જુઠી સમજશે. માટે હઝરત મસીહ મૌઉદ અ.સ. ની આ વાતો પણ એટલી જ મહત્વની છે જેટલી હદીસો કેમકે આ વાતો હદીસોની પૃષ્ટિ અથવા જુઠી માલુમ કરવાનો એક ધોરણ હશે.

આ વિશે આ ફરમાવે છે કે ઈમામ બુખારીનું આજે દુનિયામાં કેટલુ માન છે પરંતુ માન એટલા માટે છે કે તેમણે બીજા લોકોથી રિવાયતો ભેગી કરી. માટે જે સહાબાની ઔલાદ છે જો તેમની પાસે કોઈ રિવાયત હોય તો તેને પણ આગળ આપવી

જોઈએ. જો તેની યોગ્યતા બાકી રિવાયતોથી સાબીત થઈ ગઈ તો તેમને તેમાં સામેલ પણ કરી શકાય છે. અમુક રિવાયતો સંપૂર્ણ રજીસ્ટર્ડમાં ન આવી હોય અને સહાબીના ખાનદાનમાં આ રિવાયતો ચાલી રહી હોય તો તે લખીને મોકલી શકે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. ની તો દરેક વાત ઈલ્મી પાસુ લઈને છે જે આપણા માટે જરૂરી છે અને ઈલ્મી તરબીયત માટે પણ જરૂરી છે કેમકે તેમાં તરબીયતના ઘણાં પાસાઓ નીકળી આવે છે. કુરઆન કરીમની આયતોની સ્પષ્ટતા થઈ જાય છે હદીસોની સ્પષ્ટતા થઈ જાય છે. તેનાથી આપણને ફાયદો મળે છે. જે અહેમદી તેને સાંભળશે અથવા કોઈના કારણે સાંભળશે તે ફાયદો ઉઠાવશે અને પછી ખરેખર તેને ભેગી કરનાર માટે દુઆઓ કરશે માટે આ એક મહત્વપૂર્ણ વસ્તુ છે. જે અમૂક વાર ઈન્શાન તેના પર પૂરો ધ્યાન નથી આપતો. એક કિસ્સો હું અહિયા બયાન કરૂ છુ. જે આજે પણ અમૂક પ્રશ્નોનોનો ઉઠાવનારનો જવાબ છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ને શરૂઆતથી જ ઈસ્લામની પ્રગતિ વિશે એક તડપ હતી અને તેઓ ઈચ્છતા હતા કે મુસ્લિમો પોતાની અમલી હાલત સુધારે. અને અમલી હાલત સુધારવા માટે સૌથી જરૂરી વસ્તુ છે તે અલ્લાહ તઆલાની ઈબાદત તરફ ધ્યાન આપવુ, નમાઝ પઢવી. માટે આપે કાદીયાનમાં રહેનાર મુસ્લિમ જે છે તેમના માટે એક વ્યવસ્થા કરી કે તે મસ્જિદમાં આવીને નમાઝ પઢે. માણસો મોકલી મોકલીને તેમને મસ્જિદમાં બોલાવવાનું શરૂ કર્યુ. અધિકતર ગરીબ લોકો જે છે તેમણે આ બહાનું કરવાનું શરૂ કરી દીધુ કે નમાઝો પઢવાનું કામ તો પૈસાદારોનું કામ છે અમારૂ નથી. અમે ગરીબ છીએ કમાઈએ અથવા નમાઝો પઢીએ, મજૂરી કરીએ કે પાંચ સમયની નમાઝો પઢતા રહીએ. તો આપે ફરીથી આ વ્યવ્સથા કરી કહે છે કે જો ન કરૂ તો ભૂખ્યા રહેશે. માટે હઝરત મસીહ મૌઉદ અ.સ. એ આ વ્યવસ્થા કરી કે તમે નમાઝ પઢવા આવ્યા કરો એક સમયનું ભોજન તમને મળી જશે. આમ થોડાક દિવસો સુધી આ ઐલાન પછી ભોજન માટે પચ્ચીસ-ત્રીસ વ્યકિત મસ્જિદમાં નમાઝ માટે આવી જતા હતા. પરંતુ અંતમાં આળસુ થઈ ગયા અને માત્ર મગરીબના સમયે જ્યારે ભોજન અપાતુ હતુ તે સમયે આવી જતા હતા. અંતે આ સિલસીલો બંધ કરવો પડ્યો. હવે આપ ફરમાવે છે કે જુઓ હઝરત મસીહ મૌઉદ અ.સ. ને આ શોખ શા માટે હતો ? જેથી ઈસ્લામનો વાસ્તવિક ચહેરો જોવા મળે માટે આપણે આ વાત યાદ રાખવી જોઈએ. આ તડપ જે હઝરત મસીહ મૌઉદ અ.સ. ની જે હતી દાવો કર્યા પહેલા પણ અને પછી પણ વારંવાર આ તરફ ધ્યાન અપાવ્યુ કે નમાઝો તરફ આવો. બાજમાઅત નમાઝ પઢો, મસ્જિદો આબાદ કરો. મસ્જિદો તો હવે અલ્લાહ તઆલાના ફઝલથી દુનિયામાં દરેક સ્થાને બની રહી છે. પંરતુ તેની આબાદી તરફ જેટલું ધ્યાન હોવુ જોઈએ એટલુ નથી. અમુક સ્થાનોથી એવી ફરિયાદો આવે છે. તેવી જ રીતે રબ્વાહમાં, કાદીયાનમાં, પાકિસ્તાનની અનેક મસ્જિદોમાં ત્યાનાં રહેવાસી અહેમદી છૈ તેમનું કર્તવ્ય છે કે પોતાની મસ્જિદો આબાદ કરે. તેવી જ રીતે દુનિયાના બીજા દેશોમાં પોતાની મસ્જિદો આબાદ કરવાની કોશિશ કરે. બીજુ આ વાતનો જવાબ પણ અહિંયા મળી જશે. લોકો મને પણ લખે છે કે મસ્જિદમાં લાવવા માટે નવજુવાનોને લાવવા માટે ત્યાં તેમણે રમતોની વ્યવસ્થા કરી રાખી છે કે છોકરાઓ સાંજે આવે અને રમે અને રમતની લાલચ આપીને નમાઝ પઢાવવામાં આવે છે. તો કોઈ એવી વાત નથી તેવી જ રીતે અમુક લોકો કહે છે કે અમુક પ્રોગ્રામોમાં ભોજનની વ્યવસ્થા હોય છે તો લોકો પ્રોગ્રામમાં આવે છે અથવા નમાઝમાં આવે છે. તો તેના માટે ભોજન કરે છે. આ તો એક ખોટી ધારણાઓ છે જે અમુક લોકો કરે છે. પરંતુ મસ્જિદોની સાથે જ્યાં હોલ બનાવેલ છે અથવા અમુક મુરબ્બીયાન મુબલ્લગીન જે પોતે નવજુવાન છે અને રમનાર છે તેમણે ગ્રાઉન્ડમાં રમવાનું શરૂ

કર્યું અને નવજુવાનોને ભેગા કરવાનું શરૂ કર્યું. તેનાથી એક ફાયદો તો થઈ રહ્યો છે એક-બે નમાઝો માટે તે નવજુવાનોનું ધ્યાન પણ આવે છે મસ્જિદો આબાદ થાય છે. માટે આ કહેવુ કે તે આરોપ છે મસ્જિદો સાથે રમતોના હોલ કેમ બનાવ્યા મસ્જિદોમાં લાવવા માટે અમુક પ્રોગ્રામોમાં લાવવા માટે ભોજનની વ્યવસ્થા કેમ કરી આ ખોટો વિરોધ છે અને હઝરત મસીહ મૌઉદ અ.સ. ના અમલથી સાબીત છે આ રીતે થઈ શકે છે અને થવામાં કોઈ વાંધો નથી.

ખુત્બા જુમ્માનાં અંતમાં હઝુર અનવરે બે વ્યક્તિના અવસાનની ખબર આપી અને નમાઝએ જનાઝા પઢાવવાનું એલાન કર્યું. પ્રથમ જનાઝો મુકર્રમ અલહાજ યાકુબ સાહેબ ઓફ ઘાનાનો છે જેમની ૩૦ ઓગષ્ટ ૨૦૧૫ના રોજ અવસાન થયુ તેમની ઉંમર ૧૦૦ વર્ષ ઉપર હતી હઝુરે તેમની સેવાઓ, સદગુણો અને તેમની ઔલાદની ચર્ચા કરી. તેમના બે છોકરાઓ પણ વક્ફે જીંદગી છે. એક કેન્દ્રીય મુબલ્લીંગ છે બીજો લોકલ મીશનરી છે. બીજો જનાઝો મુકર્રમ મૌલાના ફઝલે ઈલાહી બશીર સાહેબનો છે જેમની ૯૭ વર્ષની ઉંમરે ૩ ઓગષ્ટ ૨૦૧૫ના રોજ રબ્વાહમાં અવસાન થયુ ઈ.સ. ૧૯૪૪માં પોતાનું જીવન વક્ફ કરી દીધુ. ૧૯૭૮માં રીટાર્યટ થયા. હઝુરે તેમની સેવાઓના વર્ણનમાં ફલસ્તીન અને મોરેસિયસના કયામ દરમિયાન જે નુમાયા ખિદમતની તોફીક મળી તેનુ ખાસ વર્ણન કર્યું. આપ ૧૯૯૩ સુધી રીએમ્પલાઈ થતા રહ્યા. અવસાન સુધી અનેક રીતે સેવાઓ કરતા રહ્યાં. અલ્લાહ તઆલા તેમના દરજાત બુલંદ ફરમાવે તેમની ઔલાદને પણ તેમની નેકીઓને જીવીત રાખવાની તોફિક આપે. આમીન...

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Khulasa Khutba Jumma Huzoor Anwar 18th September 2015**

**BOOK POST (PRINTED MATTER)**

**To,** ______________________________

______________________________

**Ahmadiyya Muslim Community.**
**From : Office Masroor Manzil, Al-Aman Society, Narol, Ahmedabad-382405, Gujarat.**